પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૨૯૮ | ૭ જાન્યુઆરી, ૨૦૧૮, રવિવાર ; પોષ વદ - ૬ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

ન્યુઝ ટ્રેક

ચીને ત્રીજું વિમાનવાહક જહાજ બાંધવાનું શરૂ કર્યું

ભારતીય સમુદ્ર તેમ જ દક્ષિણ ચીની સમુદ્રમાં તરતું મૂકવા અત્યાધુનિક શસ્ત્રોથી સજ્જ નવા પ્રકારનું વિનાશક જહાજ બાંધવાનું પૂરું કર્યા બાદ ચીને અત્યાધુનિક યંત્રણા ધરાવતું ત્રીજું વિમાનવાહક જહાજ બાંધવાનું આરંભી દીધું છે.

સુષ્માએ કિશોરીનું યુએસમાં ભણવાનું સપનું કર્યું સાકાર

ફક્ત એક ટ્વિટથી દુનિયાના કોઈ પણ ખૂણે ભારતીય નાગરિકોની મદદ માટે જાણીતા વિદેશ મંત્રી સુષ્મા સ્વરાજે એક ૧૭ વર્ષની બાળકીનું યુએસ જવાનું સપનું સાકાર કર્યું છે. સુષ્મા સ્વરાજની દરમિયાનગીરી બાદ અમેરિકાએ ૧૭ વર્ષની કિશોરીના સ્ટુડન્ટ વિઝા કન્ફર્મ કર્યા છે.

આધાર નંબરની મદદથી ૮૦ હજાર ભૂતિયા શિક્ષકો ઝડપાયા

એક બાજુ લોકો નોકરી મેળવવા માટે જમીન–આસમાન એક કરી રહ્યા છે ત્યારે બીજી બાજુ દેશની યુનિવર્સિટીઓ અને કોલેજોમાં અંદાજે ૮૦ હજાર એવા પ્રોફેસરો નોકરી કરતાં પકડાયા છે જે એક કે બે જગ્યાએ નહીં પરંતુ ચાર–ચાર જગ્યાએ નોકરી કરી રહ્યા હતા. આ પ્રોફેસરો તમામ જગ્યાએથી વેતન પણ લઈ રહ્યા હતા.

લાલુ પ્રસાદને ૩.૫ વર્ષની સજા

ઘાસચારા કૌભાંડ-દેવઘર કેસમાં જેલની સજા : બિરસામુંડા જેલમાં એક સાથે બેસીને દોષિતોએ ચુકાદો સાંભળ્યો

વિડિયો કોન્ફરન્સિંગ મારફતે તમામ ૧૬ દોષિતોને સજા ફટકારાઈ : રાંચીની લાલુ પર પાંચ લાખનો અને અન્યો ઉપર પણ દંડ લદાયો

રાંચી,તા. ૬

ઘાસચારા કૌભાંડના મામલાઓ પૈકીના એક મામલામાં સીબીઆઈની ખાસ અદાલતે આરજેડી વડા અને બિહારના પૂર્વ મુખ્યમંત્રી લાલૂપ્રસાદ યાદવને સાડા ત્રણ વર્ષની જેલની સજા આજે ફટકારી હતી. આ ઉપરાંત કોર્ટે લાલૂ ઉપર પાંચ લાખ રૂપિયાનો દંડ પણ લાગૂ કર્યો હતો. મોટી બાબત એ છે કે, લાલૂને જામીન પણ આપવામાં આવ્યા નથી. આના માટે હાઈકોર્ટમાં લાલૂને જવું પડશે. દેવઘર તિજોરીમાં ગેરકાયદેરીતે ૮૯.૨૭ લાખ રૂપિયાની ઉચાપત સાથે સંબંધિત મામલામાં આ ચુકાદો આપવામાં આવ્યો હતો. વિડિયો કોન્ફરન્સિંગ મારફતે લાલૂ સહિત ૧૬ દોષિતોએ રાંચીની બિરસામુંડા જેલમાં એક સાથે બેસીને આ ચુકાદો સાંભળ્યો હતો. દોષિત ઠેરવવામાં આવેલા ફુલચંદ્ર, મહેશ પ્રસાદ, બી જુલિયસ, રાજારામ, રાજેન્દ્ર પ્રસાદ, સુનિલકુમાર, સુધીર કુમાર અને સુશીલ કુમારને સાડા ત્રણ વર્ષની સજા ફટકારવામાં આવી હતી. ચુકાદો ત્રીજી જાન્યુઆરીના દિવસે આવવાનો હતો પરંતુ તારીખ એક એક દિવસ ટળી રહી હતી પરંતુ આજે આખરે સજા કરવામાં આવી હતી. છેલ્લા ત્રણ દિવસથી કોર્ટમાં

● અનુસંધાન પાન-૭ પર

નોટબંધી બાદ આર્થિક મંદીનો રિપોર્ટ નીતિ આયોગે છુપાવ્યો

નીતિ આયોગે આરટીઆઇમાં જાણકારી ન આપી : નોટબંધી પછી આર્થિક મંદી કેવી રીતે આવી તેનો રીપોર્ટ સિક્રેટ કહીને નીતિ આયોગે છૂપાવ્યો

ન્યુ દિલ્હી,તા. ૬

નોટબંધી પછી દેશમાં આર્થિક મંદી કેવી રીતે આવી તે રીપોર્ટને જાહેર કરવામાં કેન્દ્ર સરકાર કતરાઈ રહી છે. નીતિ આયોગે વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા રચવામાં આવેલી આર્થિક સલાહકાર સમિતિના રીપોર્ટને ગુપ્ત બતાવીને જાણકારી આપવાનો ઈકાર કરી રહી છે. આ સાથે તેમણે જાણકારી નહિ આપવા માટે માહિતી અધિકાર કાયદાના કોઈ નિયમનો હવાલો પણ આપ્યો નથી. આ કમિટી સીધી વડાપ્રધાનને રીપોર્ટ કરે છે. નીતિ આયોગ તેમાં નોડલ એજન્સી તરીકે છે. આમ પ્રથમવાર એવું બન્યું છે કે પીએમ દ્વારા રચાયેલી કમિટી કોઈ રીપોર્ટ જાહેર કરવાનો ઈન્કાર કરી રહી છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સપ્ટેમ્બર ૨૦૧૭માં ઈકોનોમિક એડવાઈઝરી કમિટી બનાવી હતી. તેની જવાબદારી હતી કે આ નોટબંધી અને જીએસટી લાગુ થયા પછી આર્થિક ક્ષેત્રમાં થયેલા ફેરફારો તથા મંદીનો રીપોર્ટ તૈયાર કરવાની. તેમાં નીતિ આયોગના ચેરમેન બિબેક દેબ્રોય, પ્રિન્સિપલ એડવાઈઝર રતન વટલ સહિત પાંચ સભ્ય છે.

આરટીઆઈ એક્ટિવિસ્ટ વ્યેંકટેશ નાયકે નીતિ આયોગ પાસેથી આર્થિક મંદીના કારણો અંગે જાણકારી માગી હતી. આરટીઆઈના જવાબમાં નીતિ આયોગે સીનિયર રીચર્સ ઓફિસર ડો વિશ્વનાથે લખ્યું કે જાણકારી ગોપનીય છે. કારણ કે તેને બજેટમાં સામેલ કરી શકાય છે. જોકે, તેમણે જાણકારી નહિ આપવાના કોઈ નિયમનો ઉલ્લેખ કર્યો ન હતો.

બારામુલ્લા ખાતે આઈઈડી બ્લાસ્ટ : ૪ પોલીસ શહીદ

શ્રીનગર,તા. ૬

જમ્મુ કાશ્મીરના બારામુલ્લા જિલ્લામાં શનિવારના દિવસે સવારે કરવામાં આવેલા આઈઈડી બ્લાસ્ટમાં ચાર પોલીસ જવાનો શહીદ થયા છે. આ બનાવના કારણે સમગ્ર વિસ્તારમાં વ્યાપક દહેશત ફેલાઈ ગઈ હતી. બારામુલ્લાના સોપોરે વિસ્તારમાં આ બ્લાસ્ટ કરવામાં આવ્યો હતો. જેમાં અનેક પોલીસ જવાનો ઘાયલ પણ થયા છે. ઘાયલ થયેલા તમામ પોલીસ જવાનોને સારવાર માટ શ્રીનગર ખસેડી લેવામાં આવ્યા છે. એક અધિકારીએ બ્લાસ્ટ અંગે માહિતી આપતા કહ્યુ છે કે બારામુલ્લાના સોપોરેમાં છોટા બજાર અને બડા બજારની વચ્ચે રહેલી એક ગળીમાં દુકાનની પાસે આઈઈડી બ્લાસ્ટ કરવામાં આવ્યો હતો.

● અનુસંધાન પાન-૭ પર

દિલ્હીમાં પ્રજાસત્તાક દિવસની ઉજવણીની તૈયારી આરંભાઈ

૧૦૦૦થી વધુ ફ્લાઇટને રદ કરવાની તૈયારી : ૧૮થી ૨૬મી જાન્યુઆરી દરમિયાન સવારે ૧૦-૩૦થી બપોરે ૧૨-૧૫ વચ્ચે બધી ફ્લાઇટને રદ કરવાનો આદેશ

નવી દિલ્હી,તા. ૬

દિલ્હી ઈન્ટરનેશનલ એરપોર્ટપ્રાઈવેટ લિમિટેડને ૧૮મી જાન્યુઆરીથી ૨૬મી જાન્યુઆરી દરમિયાન સવારે ૧૦-૩૦થી બપોરે ૧૨-૧૫ વચ્ચેની આવતી અને જતી તમામ સ્થાનિક ફ્લાઈટોને રદ કરવા માટેની સુચના આપી દેવામાં આવી છે. પ્રજાસત્તાક દિવસે યોજાનાર કાર્યક્રમને ધ્યાનમાં લઈને આ સુચના આપવામાં આવી હોવાના હેવાલ મળ્યા છે. કાર્યક્રમની સુરક્ષાને ધ્યાનમાં લઈને આ નિર્ણય કરવામાં આવ્યો છે.પ્રજાસત્તાક દિવસે દર વર્ષે નવ દિવસ સુધી દિલ્હીની ઉપરના વિમાનોના રસ્તાને બંધ રાખવામાં આવે છે. આવી સ્થિતીમાં મોટા ભાગની ફ્લાઈટોને પોતાના ટાઈમિંગમાં ફેરફાર કરવા માટે કહેવામાં આવ્યુ છે. અલત્ત આ વખતે નવ દિવસમાં દિલ્હી એરપોર્ટ પર કોઈ પણ ફ્રી સ્લોટ ન હોવાના કારણે દિલ્હી ઈન્ટરનેશનલ એરપોર્ટ પ્રાઈવેટ લિમિટેડને આવી તમામ ફ્લાઈટોને રદ કરવાની સુચના આપવામાં આવી છે. કહેવામાં આવી રહ્યુ છે કે આ નવ દિવસ દરમિયાન ૧૦-૩૦ વાગ્યાથી બપોરે ૧૨-૧૫ વાગ્યા વચ્ચે આશરે ૧૦૦૦ ફ્લાઈટ કેન્સલ થઈ શકે છે.

ઉત્તર ભારતમાં કાતિલ ઠંડી : ૭૦ના મોત

તીવ્ર ઠંડી-ધુમ્મસના સકંજામાં : દિલ્હી-એનસીઆરમાં પારો ગગડ્યો : જમ્મુ કાશ્મીર, હિમાચલ અને ઉત્તરાખંડના વિવિધ ભાગોમાં વરસાદ અને હિમવર્ષા : કારગિલ ખાતે માઈનસ ૨૦ ડિગ્રી થયું

નવી દિલ્હી,તા. ૬

ઉત્તર ભારતમાં કાતિલ ઠંડીની સાથે સાથે તીવ્ર ધુમ્મસની ચાદર હાલમાં છવાયેલી છે. આના કારણે

દિલ્હી અને એનસીઆરમાં લોકોની હાલત કફોડી બનેલી છે. દિલ્હી-એનસીઆરમાં સવારમાં તો પારો ગગડીને સાત ડિગ્રી સુધી નીચે પહોંચી ગયો હતો. ધુમ્મસના કારણે દિલ્હી-એનસીઆરમાં સવારમાં લોકોની હાલત કફોડી રહી હતી. દિલ્હીથી ચાલતી ૪૯ ટ્રેનો લેટ થઈ છે. જ્યારે ૧૮ ટ્રેનો રદ કરવામાં આવી છે. ઉત્તરપ્રદેશ, રાજસ્થાન અને હરિયાણામાં પણ લોકોની હાલત કફોડી બનેલી છે. ઉત્તર ભારતમાં શીત લહેર છે. બીજી બાજુ પહાડી વિસ્તારોમાં હિમવર્ષા થઈ રહી છે. કાશ્મીરમાં ગુલમર્ગ, પહેલગામ, હિમાચલપ્રદેશ અને ઉત્તરાખંડના કેટલાક ભાગોમાં પણ હિમવર્ષા થઈ છે. કાશ્મીરના કારગીલમાં તાપમાન શુન્ય કરતા ૨૦ ડિગ્રી નીચે પહોંચી ગયુ છે. ઉત્તર પ્રદેશમાં કાતિલ ઠંડીના કારણે ૭૦થી વધુ લોકોના મોત થઈ ચુક્યા છે. પૂર્વાંચલમાં ૨૨ના મોત થયા છે. જ્યારે બરેલી અને બ્રિજ ડિવિઝનમાં ત્રણ-ત્રણ લોકોના મોત થયા છે. અલ્હાબાદ ડિવિઝનમાં ૧૧ના મોત થયા છે. બુંદેલખંડમાં ૨૮ના મોત થયા છે. ઓરિસ્સામાં પણ જનજીવન ખોરવાયેલું છે. કાશ્મીરમાં હજુ વર્ષા અને હિમવર્ષા થઈ રહી છે. આ મહિનાની શરૂઆતથી સતત છવાયેલા રહેલા ધુમ્મસના પગલે વાહન વ્યવહાર ઉપર તેની ગંભીર અસરો જોવા મળી છે. જમ્મુ કાશ્મીરમાં કાતિલ ઠંડીનો અનુભવ લોકો કરી રહ્યા છે. ઉત્તરપ્રદેશ અને પંજાબમાં ધુમ્મસની સૌથી ખરાબ અસર થઈ છે. વિમાની અને ટ્રેન સેવાને અસર થઈ છે. કેટલીક લાંબા અંતરની ટ્રેન પણ મોડેથી દોડી રહી છે. ધુમ્મસના કારણે કેટલાક અકસ્માતો પણ થઈ રહ્યા છે. કાતિલ ઠંડીનુ મોજુ ફરી વળ્યુ છે. ઠંડીથી હાલમાં કોઈ રાહત મળે તેવી શક્યતા ઓછી છે. પંજાબ, હરિયાણા, રાજસ્થાન, ઉત્તરપ્રદેશ અને દિલ્હીમાં જનજીવન પર અસર થઈ છે. ધુમ્મસના કારણે વધારે ઠંડીનો અનુભવ લોકો કરી રહ્યા છે. બીજી બાજુ જમ્મુ કાશ્મીર અને હિમાચલપ્રદેશમાં મોટા ભાગના વિસ્તારોમાં માઈનસમાં તાપમાન છે.

રાજ્યસભાના ઉમેદવાર એનડી ગુપ્તા ઉમેદવારી રદ કરવા કોંગ્રેસની માગ

ન્યુ દિલ્હી,તા. ૬

માકનનો આરોપ છે કે એનડી કેન્દ્ર સરકારની પેન્શન સ્કીમ એનપીએસના ટ્રસ્ટી છે. તેઓ ત્રણ વર્ષથી નાણા મંત્રાલય હેઠળ આવતા લાભના પદ પર છે. ઉલ્લેખનીય છે કે આમ આદમી પાર્ટીએ સંજય સિંહ, એનડી ગુપ્તા અને સુશીલ ગુપ્તાને રાજ્યસભાના ઉમેદવાર બનાવ્યા છે. ૪ તારીખે ત્રણેયે નોમિનેશન ફાઈલ કર્યું હતું.

RAJVEE
FOOD CORNER
The Taste of Royal Essence
PUNJABI | CHINESE | FAST FOOD
DALBATI | KATHIDAWADI
BANQUET
Birthday Party | Small Gathering | Office Meeting
LIVE KITCHEN
Shop No.1, Ground Floor, Pratik Mall,
Near City Pulse, Kudasan, Gandhinagar.
Phone : 079 6572 0001
Mobile : +91 9099884444, 95370 19001
Email : rfc@rajvee.in | www.rajvee.in
design@imageink 9510254800

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

સોફા (૩+૨)
કોર્નર સોફા
સોફા કમ બેડ
સોફાનું ગાદી કામ
તમારા ઘરે માલ સાથે અથવા
મજુરીથી કરી આપવામાં આવશે
VISHVAKARMA FURNITURE
Visit: www.vfbath.com
Shri Ambica Udyog Nagar, Near Dariakhan Ghumat,
Opp. Kalandhari Masjid, Shahibaug, A'bad-04
Sofa Sets: 3+2 / Corner Sofa

Sofa cum Bed

8866880414 • 8160507657